# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૯ તા.૨૪-૦૧-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ દરમ્યાન નિવૃત્ત થનાર કર્મચારીઓની વિગતો તૈયાર કરી મોકલવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું છે કે તમારી શાળાના કર્મચારીઓ પૈકીના સને ૨૦૨૩/૨૦૨૪માં નિવૃત્ત થનાર કર્મચારીઓની વિગતો નીચે દર્શાવેલ નમૂના મુજબના ફૂલ સ્કેપ કાગળમાં આડાપત્રકમાં બે નકલ તૈયાર કરી **બંને નકલ તમારી ઝોન ઓફિસમાં રૂબરૂમાં મોડામાં મોડા તા.૧૦-૦૨-૨૦૨૩ સુધીમાં મળે તે રીતે મોકલી આપવી.**

**નિવૃત્તિની વિગતો તૈયાર કરવા અને મોકલવા અંગે નીચેની સુચનાઓ અચુક ધ્યાનમાં રાખવી.**

૧. તમારી શાળાના માહે ડિસેમ્બર-૨૦૨૨ની કોમ્પ્યુટર ડેટા-માહિતી પત્રક તેમજ પગારબીલનાં આધારે શિડયુઅલ પોસ્ટના તમામ કર્મચારીઓ પૈકી :-

(અ) શૈક્ષણિક સ્ટાફના કર્મચારીઓ :- મુખ્ય શિક્ષક, મદદનીશ શિક્ષક, પૂ.પ્રા.શિક્ષક કે જેમની જન્મ તારીખ ૦૧-૦૪-૧૯૬૫ થી તા.૩૧-૦૩-૧૯૬૬ સુધીમાં આવતી હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષની ઉંમર તા.૦૧-૦૪-૨૦૨૩ થી તા.૩૧-૦૩-૨૦૨૪ સુધીમાં પુરી થશે. તેથી તેઓ સને ૨૦૨૩-૨૦૨૪ માં નિવૃત્ત થવાને પાત્ર થશે.

(બ) ચોથા વર્ગના કર્મચારીઓ :- પગી, પા.પા. તેડાગર તેમજ ઘડીયાળ-રેકઝીન વર્ગના પા.પા., પટાવાળાકે જેમની જન્મ તા.૦૧-૦૪-૧૯૬૩ થી તા.૩૧-૦૩-૧૯૬૪ સુધીમાં આવતી હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની ઉંમર તા.૦૧-૦૪-૨૦૨૩ થી તા.૩૧-૦૩-૨૦૨૪ સુધીમાં પુરી થશે તેથી તેઓ સને ૨૦૨૩-૨૦૨૪માં નિવૃત્ત થવાને પાત્ર થશે.

(ક) જે શાળામાંથી કોઈ કર્મચારી નિવૃત્ત થતા ન હોય તો પણ નમૂના મુજબનું બે નકલમાં આડુ પત્રક બનાવવવાનું છે અને પત્રકમાં **"અત્રેની શાળામાંથી સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષમાં કોઈ કર્મચારી નિવૃત્ત થતા નથી."** તેવું લાલ અક્ષરમાં સર્ટી. આપી પત્રક ઝોન ઓફિસે અવશ્ય મોકલવાનું છે.

૨. આડાપત્રક સાથે નિવૃત્ત થતા કર્મચારીની પગારસ્લીપની ઝેરોક્ષ નકલ મુખ્ય શિક્ષકશ્રીના સહી-સિકકા સાથે પ્રમાણિત કરી સામેલ કરવી. જે શાળામાં મુખ્ય શિક્ષક ન હોય ત્યાં શાળાના પ્રથમ મદદનીશ શિક્ષકે ચોકસાઈપૂર્વક આડુપત્રક બનાવી મોકલી આપવાનું રહેશે.

૩. ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદમાં દાખલ થયા હોય તે તારીખ સળંગ નોકરીની તારીખના ખાનામાં દર્શાવવી.

૪. ન.પ્રા.શિ.સમિતિમાં દાખલ થયા બાદ નામ બદલાવેલ હોય તો નિવૃત થનાર કર્મચારીના ખાનામાં જૂનું નામઃ.................. નવું નામઃ.............. અને બંને નામ દર્શાવવા.

૫. આડાપત્રકના હોદ્દાના ખાનામાં મદદનીશ શિક્ષક હોય તો મદદનીશ શિક્ષક દર્શાવી- (નિમ્ન પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક-વિષય)માં દર્શાવવું.

૬. નિવૃત બાબતે કોઇ કર્મચારીના કેસમાં શંકા અગર ભૂલ જણાય તેમજ સમજણ ના પડે તો સંબંધિત ઝોન ઓફિસે રૂબરૂ જઇ સર્વિસબુક ઉપરથી ચકાસણી કરી લેવી.

૭. નિવૃતિની વિગતો-માહિતી જાણકાર કર્મચારી સાથે રૂબરૂ મોકલવી પટાવાળા ભાઇઓ સાથે મોકલવી નહિ.

૮. ઘણી શાળાઓની માહિતી ખોટી આવે છે તેમજ સને ૨૦૨૩-૨૦૨૪માં નિવૃત થતા કોઇપણ કર્મચારીની વિગત મોકલવાની રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી. જો કોઇ કર્મચારીનું નામ રહી જશે અને ત્યારબાદ કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તો જે તે કક્ષાએ જવાબદારી નક્કી કરી કાર્યવાહી કરવામાં આવશે.

આ પરિપત્ર શાળાના તમામ સ્ટાફને વંચાવી, નોંધ લેવડાવી તે મુજબ અમલ કરવો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## નિવૃત્ત થતા કર્મચારીની વિગત દર્શાવતું નમૂનાનું આડુપત્રક :-

પરિપત્ર નં...... તા. મુજબ સને ૨૦૨૩/૨૦૨૪ (તા.૧-૪-૨૦૨૩ થી તા.૩૧-૩-૨૦૨૪ સુધી)ના સમય દરમ્યાન નિવૃત્ત થવાને પાત્ર કર્મચારીઓની વિગત :-

શાળાનું નામ :-.......... ડિપાર્ટમેન્ટ નંબર :-.......... ઝોન ......

| ક્રમ | ડિપાર્ટમેન્ટ નંબર | શાળાનું નામ | એમ્પ્લોઈ નંબર | નિવૃત્ત થનાર કર્મચારીનું નામ | હોદ્દો | જન્મ તારીખ | સળંગ નોકરીની તારીખ | નિવૃત્ત કરવાની તારીખ | જી.પી. ફંડ નંબર | પેન્શન કે સીપીએફ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

### પ્રમાણપત્ર

આથી સર્ટી. આપવામાં આવે છે કે અત્રેની શાળાના શીડયુઅલ પોસ્ટ પરના તમામ કર્મચારીઓની માહે ડિસેમ્બર-૨૦૨૨ના કોમ્પ્યુટર ડેટા-માહિતી પત્રક તેમજ પગારબિલ ઉપરથી નિવૃત્ત થતા કર્મચારીની વિગતોની બરાબર ચકાસણી કરવામાં આવેલ છે.

આડાપત્રકમાં જણાવેલ ઉપરોકત નિવૃત્ત થતાં કર્મચારીઓ સિવાયના બીજા કોઈ કર્મચારીઓ નિવૃત્ત થતા નથી. તેની ખાત્રી કરી ચોકસાઈપૂર્વક યાદી બનાવવામાં આવી છે.

મુખ્ય શિક્ષકની સહી/સિકકો

............. શાળા નં.....

નકલ રવાના :

(૧)પેન્શન વિભાગ- સ્કાઉટ ભવન, પાલડી-જાણ તથા અમલ સારૂં.

(૨)તમામ મદદનીશ શાસનાધિકારીશ્રી-(તમામ ઝોન ઓફિસ):

ઉપરોક્ત પરિપત્રની વિગતે તમારા ઝોન હસ્તક શાળાઓમાંથી આવેલ માહિતી પત્રકો તેમજ સેવાપોથી ઉપરથી ચોકસાઇપૂર્વક ખાત્રી કરી માહે-એપ્રિલ ૨૦૨૩થી માહે માર્ચ-૨૦૨૪ સુધીમાં નિવૃત કર્મચારીઓની માસવાર ક્રમમાં યાદી તૈયાર કરાવી યાદીમાં તેમજ શાળાના આડાપત્રકમાં ઝોનલ આ.એ.ઓ.ના સહી સિક્કા કરી તમામ માહિતી તા.૧૫-૦૨-૨૦૨૩ સુધીમાં પેન્શન વિભાગ(મુખ્ય ઓફિસ), સ્કાઉટ ભવન ખાતે અચૂક મોકલવા સારૂં.

(૩)ઓફિસ સ્ટાફ પગાર બિલ ક્લાર્કશ્રી-

ઉપરોક્ત પરિપત્રની વિગતે ઓફિસ સ્ટાફની નિવૃતિની માહિતી પેન્શન વિભાગમાં તા.૧૫-૦૨-૨૦૨૩ સુધીમાં અચૂક મોકલવા સારૂં.

તા.૨૪-૦૧-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી